જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૯/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૦૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૫,૧૮,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## માધવપુરા પોલીસ સ્ટેશનઃ

# ચેઇન સ્નેચીંગના ગુનામાં ચોરીએ ગયેલ મુદ્દામાલ સોનાની ચેઇન નંગ-૦૨ સાથે આરોપીબેનને પકડી પાડતી માધવપુરા સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ. શ્રી ઝોન-૨ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી “એલ” ડિવિઝન સાહેબ નાઓ તરફથી મિલકત સબંધી ગુનાઓ શોધવા તથા અટકાવવા સારુ મળેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ માધવપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર શ્રી એન.ડી.નકુમ સાહેબના માર્ગદર્શને હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

આજરોજ તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. વી. જે. ચાવડાનાઓ સાથેના સ્ટાફના એ એસ આઇ રણછોડભાઇ ખોડાભાઇ બ.ન.૯૧૫૬ તથા અ પો કો નરેશકુમાર બચુભાઇ બ.ન.૪૬૩૮ તથા અ પો કો જુગેંદ્રસિંહ સોમસિંહ બ.ન.૪૬૬૭ તથા વુ પો કો લક્ષ્મીબેન રાણાભાઇ બ.ન. ૧૧૨૪૬ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન પો સબ ઇન્સ વી જે ચાવડા સાહેબ તથા અ પો કો નરેશકુમાર બચુભાઇ બ.ન.૪૬૩૮ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીબેન ઉષાબેન ઉર્ફે કાંન્તાબેન W/O પુનમભાઇ દંતાણી ઉ.વ.૫૩ ધંધો શાકભાજીનો વેપાર હાલ રહે વાઘરીવાસ, સ્મશાનગ્રુહની બાજુમાં, સિધ્ધપુર, તા.સિધ્ધપુર, જીલ્લો પાટણ મૂળ રહે વસંતનગરના છાપરા, ઠક્કરનગર ચાર રસ્તાની બાજુમાં, બાપુનગર અમદાવાદ શહેરનાઓ પાસેથી સોનાની બે ચેઇન જેમાં (૧) એક સોનાની તુટેલ હાલતની પટ્ટી વાળી ડીઝાઇનની ચેઇન જેનુ વજન ૧૩.૨૭૦ ગ્રામ જેની હાલની કિ.રૂ.૫૯,૧૦૦/- જેટલી ગણી શકાય તે. તથા નં.(૨) એક સોનાની તુટેલ હાલતની સુતળી ડીઝાઇનની ચેઇન જેનુ વજન ૫.૮૬૦ ગ્રામ જેની હાલની કિ.રુ.૨૮,૧૦૦/- તથા (૩) એક લોખંડનુ કટર જેની કિ.રૂ.૦૦/- મળી કુલ્લે કિ.રુ.૮૭,૨૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી અટક કરી નીચે મુજબનો ગુનો ડીટેક્ટ કરી મિલકત સબંધી ગુનો શોધી કાઢી સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**શોધાયેલ ગુનો:-**

(૧) માધવપુરા પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં- ૧૧૧૯૧૦૧૦૨૨૦૬૨૭/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૧૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૧૨/૨૦૨૨**

**રખિયાલઃ** કુલાજી ગોવાજી પ્રજાપતી (ઉ.વ.૪૨)(રહે.સન અઝ્જોટીકા માધવપાર્ક વસ્ત્રાલ રોડ ઓઢવ) એ તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ ચકુડીયા મહાદેવ રોડ મ્યુનીસીપલ ગાર્ડન સામે આદર્શ એસ્ટેટમાં દુકાન નં-૧ “અરવિંદ સ્ટીલ” નામની દુકાન ખાતેથી આરોપી શબ્બીરભાઇ બોદુભાઇ ખીરા સુમરા (રહે.મસીતીયા ગામ કમરૂદ્દીન બાપુની દરગાહની બાજુમાં તા.જી.જામનગર, ઠે.અક્સા એંટરપ્રાઇઝ શીવ સર્કલ પાસે જી.આઇ.ડી.સી.દરેડ જામનગર) એ કુલાજી પ્રજાપતિને વિશ્વાસમાં લઈ બ્રાસનો ભંગાર કિંમત રૂપિયા ૩૦,૪૪,૨૩૭/- મંગાવી મેળવી લઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.નિનામા ચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૬૧૩/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ભાવનાબહેન અરવિંદભાઇ પ્રજાપતી (રહે.પ્રજાપતીવાસ લક્ષ્મીનગર નર્સરી મોટેરા સ્ટેડિયમ સામે મોટેરા ચાંદખેડા) એ તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૨ કલાક ૧૦/૦૦ થી તા.૦૭/૦૯/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૦,૫૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૪/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** મુકેશકુમાર સુભાષચંદ્ર દુબે (ઉ.વ.૪૫)(રહે.સ્વાતિ રેસીડેન્સી-૩, આઇ.ઓ.સી. રોડ ચાંદખેડા) એ તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જુન-૨૦૨૨ થી તા.૨૨/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ સાલ હોસ્પીટલ રોડ શ્રીરત્ન આર્કેડ ખાતે માય જીયો સ્ટોરમાં નોકરી કરતા આરોપી સ્ટોર મેનેજર (૧) હરજીતસીંગ ક્રિપાલસીંગ ટોર (રહે.કલ્પનાનગર જનતાનગર સામે ચાંદખેડા) સ્ટોર અસોસીએટ (૨) સાહીલ અનીલ તીવારી (રહે.બુધ્ધીસાગર સોસાયટી, ચાંદખેડા રેલ્વે સ્ટેશન પાછળ ચાંડખેડા) અને (૩)કીન્નરકુમાર દિપકભાઇ પંચાલ (રહે.સરીતા રીજીડેન્સી-૪ શ્યામ-૩૬ બંગ્લોઝ પાસે રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ વસ્ત્રાલ) એ ભેગા મળી “માય જીયો” સ્ટોરમાંથી જુદી-જુદી કંપનીના મોબાઇલ નંગ-૧૩૫ કિંમત રૂપિયા ૪૧,૯૨,૮૯૬/- તથા અલગ-અલગ મોબાઇલ એસેસરીઝ કિંમત રૂપિયા ૩૩,૦૯૧/- અને રોકડ રૂપિયા ૩૫,૬૯૦/- મળી કુલ રૂપિયા ૪૨,૬૧,૬૭૭/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

**નવરંગપુરાઃ** મનીષભાઇ બાબુભાઇ પંડ્યા (ઉ.વ.૫૨) (રહે.વિશ્વનાથ સોપાન મહેર હોમ્સ સામે ક્લબ ઓ-૭ પાસે શેલાગામ તા-દસ્ક્રોઇ) તા.૦૮/૦૯/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી અંડરબ્રીજથી મીઠાખળી છ રસ્તા તરફ જતા હેલ્મેટ હાઉસની સામેથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે મનીષભાઇની ગાડીને રોકી મનીષભાઇને વાતોમાં વ્યસ્ત રાખી અન્ય બિજા એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનીષભાઇની નજર ચુકવી ગાડીમાંથી બેગ ચોરી કરી લઈ ત્રણેય પુરૂષો નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૯૯,૫૦૦/- હતા. આ અંગેની ફરીયાદ મનીષભાઇ પંડ્યાએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૫/૨૦૨૨**

**નવરંગપુરાઃ** નવરંગપુરા માધુરીકા હોલના ખાંચામા રામજી મંદીર સામે નવી બનતી બીલ્ડીંગ પુષ્કર એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા પ્રકાશચન્દ્ર વિલાજી ડામોર (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-સેરાનગલા તા-આનંદપુરી જી-બાંસવાડા) ને તા.૦૮/૦૯/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે લીફ્ટ રૂમ ખાતે સ્વિચ બોર્ડનો ખુલ્લો વિજ વાયર અડી જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સજુભાઇ નારણભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૬/૨૦૨૨**

**નરોડાઃ** નરોડા નાના ચિલોડા સ્પર્શ બંગ્લોઝની બાજુમાં નવી બનતી મેપલ હાઇટ નામની બાર માળની સાઈટ ખાતે કામ કરતા અને ત્યાં જ રહેતા થાવરાભાઇ ભુરાલાલ કટારા (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-છાપરા તા-આનંદપુરી જી-બાંસવાડા રાજસ્થાન) તા.૦૮/૦૯/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે સાઇટના “બી” બ્લોકના બારમા માળની લીફ્ટની ગેલેરીમાંથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** જીઆઇડીસી વટવા ફેઝ-૧ એફ રોડ પ્લોટ નં.૬૪/૧ મા આવેલ T.M.V.T ઇન્ડસ્ટ્રીયલ પ્રા.લી.કંપનીમા ફીટર તરીકે નોકરી કરતા અને જીઆઇડીસી વટવા એસ.પી રીંગ રોડ વિંઝોલ ગામ પાસે આયોજનનગર ખાતે રહેતા વૈભવસિંહ સ/ઓ ભરતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૧) (મુળ વતન. ગામ-સંદેસર તા-કઠલાલ જી-ખેડા) તા.૦૭/૦૯/૨૦૨૨ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે કંપનીમા એસેમ્બલી વિભાગમાં આઠેક ફુટની ઉંચાઇ ઉપર ચઢીને કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા ઉંચાઇથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૯/૨૦૨૨ કલાક ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હે.કો.શ્રી રમેશભાઇ ગોરાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૭/૨૦૨૨**

**શહેરકોટડાઃ** કૃણાલકુમાર હરેશકુમાર ખામાર (ઉ.વ.૪૧) (રહે. ઇન્ડિયા બુલ્સ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે શારદાબેન હોસ્પિટલ નજીક ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૯/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ શકરાભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** સુમના ડો/ઓ બરૂનભાઇ પરમાણીક (ઉ.વ.૧૬) (રહે. શીલ્પ એવન્યુ ન્યુ ગ્રીન ક્રોસ સોસાયટી સામે કબાડી માર્કેટ નંબર-૩ રોડ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી